# પાર્સલ બુક કરાવતી વખતે ધ્યાનમાં રાખવા જેવી બાબતો

૧. ભારત સરકારના આદેશ પ્રમાણે દરેક મોકલનાર ગ્રાહકે KYC આપવું જરૂરી છે. જેથી દરેક ગ્રાહકે તેમનું ઓરીજીનલ ID પ્રુફ બતાવવાનું રહેશે અને ઝેરોક્ષમાં સહી, ટેલીફોન નંબર લખવાનો અવશ્ય રહેશે.

૨. પાર્સલ બુક કરાવતી વખતે ગ્રાહકે KYC પેટે ઈલેક્શન કાર્ડ, ડ્રાઈવીંગ લાઈસન્સ, આધાર કાર્ડ, પાસપોર્ટ કોઈપણ એક આપવાનું રહેશે.

૩. આપ જેમને પાર્સલ મોકલી રહ્યા છો તેમનું સંપુર્ણ નામ, સરનામુ અને ટેલીફોન નંબર આપવાનો રહેશે.

૪. પાર્સલ લેનાર વ્યક્તિએ જે તે દેશની સરકાર દ્વારા કસ્ટમડ્યુટી અથવા તો કોઈ બીજા ચાર્જીસ લેવામાં આવે તો તેની સંપૂર્ણ જવાબદારી લેનાર ગ્રાહકે ચુકવવાની રહેશે.

૫. આપના સંપૂર્ણ માલસામાનની ચકાસણી અમારા સ્ટાફ સાથે કરાવવી જરૂરી છે. આપે પેકીંગ કરેલ સામાનને ચેકીંગ ન કરવા દેવા બાબતે કોઈ પ્રકારનું દબાણ કરવું નહીં.

૬. સરકાર દ્વારા પ્રતિબંધિત કરાયેલા પદાર્થ, રસાયણ, કેફી પદાર્થ, હથિયાર, પુરાતત્વ અવશેષ, પશુ પક્ષીના નખ, હાથીદાંત, ચામડું, મોરના પીંછ, વાળ (વીંગ), ઘોડાની નાળ, ઘી, તેલ, માવાની મીઠાઈ, અન્ય ડેરી પ્રોડક્ટ, હેર ડાઈ, સોનુ, ચાંદી, કીમતી ધાતુઓ, હીરા, માણેક, નંગ, કોઈપણ પ્રકારની કરન્સી (શુકન માટેનો સવા રૂપિયો), કોરા સહી કરેલ ચેક, પાસપોર્ટ, દવાઓ, મંતરેલા તાવીજ, દોરા, ધુપ, જુગાર અને લોટરીને લગતા સાધનો, રૂ, નેઈલ પોલીસ, સ્પ્રે, સીગરેટ, તમાકુ, સોપારી, છીકણી, લીલા તથા સુકા પાદળા, કોઈપણ પ્રકારનું બીયારણ, કાતર, ગેસ લાઈટર, છરી (ચપ્પા), કટર, માચીસ, સીમકાર્ડ, બેટરી, પાવરબેંક તથા પુજાની સંપૂર્ણ સામગ્રી શ્રીફળ, કોપરૂ, કોપરાની છીણ વગેરે પાર્સલમાં મુકવા નહીં.

૭. ગ્રાહકના પાર્સલની અંદર કોઈપણ પ્રતિબંધિત વસ્તુ અમારી ઓફિસના સ્કેનરમાં મળી આવશે તો જે તે ગ્રાહક પાસેથી દંડ પેટે ઓછામાં ઓછા રૂા. ૨૦,૦૦૦/- લેવામાં આવશે અને તે વ્યક્તિ સામે કાનુની કાર્યવાહીનો સંપૂર્ણ ખર્ચ ગ્રાહકે ચુકવવાનો રહેશે.

૮. પાર્સલમાં રૂા. ૫,૦૦૦/- થી મોંઘી વસ્તુ મોકલતા હોય તો તેનો વીમો અવશ્ય ઉતારવો જરૂરી છે. વીમો નહી ઉતરાવ્યો હોય તો તે પાર્સલમાં ભાગે કે તુટે તેવા કેસમાં કલેમપેટે અમારી કંપનીની જવાબદારી વધુમાં વધુ રૂા. ૫,૦૦૦/- ચુકવવાની રહેશે.

૯. પાર્સલ કસ્ટમ કલીયરન્સમાં મોડુ પડે અથવા તો કસ્ટમની જરૂરીયાત મુજબના પેપર લેનાર વ્યક્તિ પુરા ના પાડે તેવા કેસમાં ગ્રાહકે કોઈ પ્રકારનો કલેમ માગવો નહીં. પાર્સલ પાછુ આવે તેવા કેસમાં રીટર્ન ચાર્જ અને અન્ય ચાર્જીસ મોકલનાર ગ્રાહકે ચુકવવાનો રહેશે.

૧૦. ભારત સરકારના નિયમ મુજબ પરદેશમાં મોકલાતા પાર્સલની કિંમત વધુમાં વધુ રૂા. ૨૫,૦૦૦/- હોવી જોઈએ. રૂા. ૨૫,૦૦૦/- થી વધુ હોય તો તે પાર્સલ અમારા દ્વારા સ્વીકારવામાં આવશે નહીં.

૧૧. ગ્રાહકે અમારી ઓફિસ છોડતા પહેલા લેનાર તથા મોકલનાર વ્યક્તિના સરનામા અને ટેલીફોન નંબર ચકાસી લેવા. જેથી પહોંચ્યા પછી કોઈ ગેરસમજ થાય નહીં.

૧૨. આપે પાર્સલમાં કોઈપણ સંતાડેલ વસ્તુ કુરીયર કંપનીના માલીક અને કર્મચારીને મુશ્કેલીમાં મુકી શકે છે. તો વિનમ્રતાથી તે વસ્તુની જાણ કરવી અને વસ્તુ કાઢી લેવી.

| | |
|---|---|
| DATE : | WEIGHT : |
| AWB NO. : | NO. OF PIECE : |
| SENDER : | RECEIVER : |

ઉપરના નિયમો મેં વાંચ્યા છે. તેનુ હું પાલન કરીશ.

મોકલનાર ગ્રાહકની સહી ....................................